સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર–૩૮૫ ૫૦૬
જિ. : બનાસકાંઠા

**વંચાણે લીધાઃ–**

(૧) અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.સદાંકૃયુ/રજી/એ.૧.૧/૧૪૬૩૬–૧૪૭૦૫/૨૦૧૬, તા.૨૧–૧૦–૨૦૧૬.
(૨) અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.સદાંકૃયુ/રજી/એ.૧.૧/૧૭૫૫૪–૬૧૮/૨૦૧૬, તા.૩–૧૨–૨૦૧૬.

**તાત્કાલિક/ સમય–મર્યાદા**

**–::: પરિપત્ર :::–**

ઉપરોકત વંચાણે લીધેલ અનુક્રમે ક્રમ નં. ૧ તથા ક્રમ નં. ૨ ના પરિપત્રથી આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ–યુનિટ અધિકારીશ્રીઓને જણાવામાં આવેલ હતું કે, તા.૩૧–૮–૨૦૧૫ બાદ સીધી ભરતીથી નિમણૂંક પામેલ તથા તાજેતરમાં નવી નિમણૂંક પામેલ શિક્ષકો/કર્મચારીઓ પાસેથી યુનિવર્સિટીના તા.૨૯.૯.૨૦૧૫ના જાહેરનામા મુજબ એગ્રિમેન્ટ બોન્ડ તેમજ તે અગાઉ નવી નિમણૂંક પામનાર શિક્ષકો/કર્મચારીઓના કિસ્સામાં અગાઉ સ્ટેચ્યુટની જોગવાઈ મુજબના એગ્રિમેન્ટ બોન્ડ તાત્કાલિક મેળવી અત્રેની કચેરીએ મોકલી આપવા માટે જણાવવામાં આવેલ હોવા છતાં, આજદિન સુધી મોટા ભાગની કચેરીઓ તરફથી એગ્રિમેન્ટ બોન્ડ અત્રેની કચેરીને મોકલી આપવા બાબતે ઉદાસિનતા દાખવવામાં આવેલ હોઈ આ પરિપત્ર મળ્યેથી **દિન–૩** માં જે તે નિમણૂંક પામેલ શિક્ષકો/કર્મચારીઓ પાસેથી એગ્રિમેન્ટ બોન્ડ રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર મેળવી અત્રેની કચેરીએ રજૂ કરવા જણાવવામાં આવે છે. જો સદર સમય–મર્યાદામાં એગ્રિમેન્ટ બોન્ડ મોકલી આપવામાં નહી આવે, તો તેની જવાબદારી જે તે યુનિટ વડાશ્રીની રહેશે, જેની નોંધ લેશો.

આ અંગે "ટોચ–અગ્રિમતા" આપવા વિનંતી.

(એચ.એન.ખેર)
કુલસચિવ